# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-12-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# SIR DRAFT YADI

રાજ્યમાં આજે મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. ઝૂંબેશ હેઠળ ગણતરીના તબક્કાની 100 ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. આજે ચૂંટણી પંચ દ્વારા મુસદ્દા મતદાર યાદી જાહેર કરાશે. સત્તાવાર યાદી મુજબ, રાજ્યકક્ષાએ મુખ્ય ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાશે. જ્યારે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી મુસદ્દા મતદાર યાદીની હાર્ડ તથા સૉફ્ટ કૉપી સુપરત કરશે.

ભારતના ચૂંટણી પંચની સૂચના મુજબ, બૂથ સ્તરના એજન્ટ સાથે બૂથ સ્તરના અધિકારીઓની તમામ મતદાન મથક ખાતે બેઠક પૂર્ણ થઈ છે. તેમજ તેમના ASD એટલે કે, ગેરહાજર, સ્થળાંતરિત અને મૃત મતદારોની યાદી પણ અપાઈ છે. લોકો આજથી આગામી 18 જાન્યુઆરી 2026 સુધી મતદારયાદી સંબંધિત દાવા અને વાંધા રજૂ કરી શકશે.

. . . . . . . . . . . . .

# SANSAD G RAM G

સંસદમાં વિકસિત ભારત – રોજગાર અને આજીવિકા ગૅરન્ટી મિશન – ગ્રામીણઃ વિકસિત ભારત ગ્રામીણ વિકાસ ખરડો – જી-રામ-જી 2025 પસાર કરાયો છે. રાજ્યસભામાં ગઈકાલે રાત્રે આ ખરડાને મંજૂરી મળી

હતી. સરકાર આ ખરડાના માધ્યમથી વર્ષ 2047માં વિકસિત ભારતના રાષ્ટ્રીય દ્રષ્ટિકોણને અનુરૂપ ગ્રામીણ વિકાસ માળખું તૈયાર કરવા માગે છે.

આ કાયદા હેઠળ દર નાણાકીય વર્ષમાં દરેક ગ્રામીણ પરિવારને 125 દિવસના વેતનની કાયદાકીય બાંહેધરી અપાશે. જામનગરના સ્થાનિક ભરત રાવલે આ અંગે પ્રતિક્રિયા આપી.

(BYTE: BHARAT RAVAL, LOCAL PERSON, GRAMG BYTE)

. . . . . . . . . . . . .

# NIFT APPLICATION FEE

રાષ્ટ્રીય ફૅશન ટૅક્નોલૉજી સંસ્થા – નિફ્ટે વિવિધ શ્રેણી માટે પ્રવેશ પરીક્ષાની અરજી ફીમાં ઘટાડો કર્યો છે. કાપડ મંત્રાલયે જણાવ્યું, વર્ષ 2026-27 બેચ માટે સામાન્ય, અન્ય પછાત વર્ગ – ઓછી આવક ધરાવતા જૂથ અને સામાન્ય આર્થિક રીતે નબળા લોકોની શ્રેણી માટે અરજી ફી ત્રણ હજાર રૂપિયાથી ઘટાડી બે હજાર રૂપિયા કરાયો છે.

જ્યારે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને દિવ્યાંગ ઉમેદવારો માટે અરજી ફી 1,500 રૂપિયાથી ઘટાડીને 500 રૂપિયા કરવામાં આવી છે. પ્રવેશ પરીક્ષા માટે શરૂ થયેલી અરજી પ્રક્રિયા આગામી છ જાન્યુઆરી 2026 સુધી ચાલશે. જ્યારે પરીક્ષા આગામી વર્ષે આઠ ફેબ્રુઆરીએ દેશના 100થી વધુ શહેરમાં લેવાશે.

. . . . . . . . . . . . .

# DAMAN MUKTI DIVAS

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં આજે 65-મા મુક્તિ દિવસની ઉજવણી થઈ રહી છે. આ પ્રસંગે મોટી દમણ કલેક્ટર પરિસરમાં યોજાયેલા કાર્યક્રમમાં કલેક્ટર સૌરભ મિશ્રાએ ધ્વજવંદન કર્યું. દરમિયાન સ્વાતંત્ર્ય સેનાનીઓનું ફૂલ અને શાલ ઓઢાડી સન્માન કરાયું. કલેક્ટરે પ્રદેશના વિકાસ અંગે લોકોને માહિતી પણ આપી.

**(BYTE: SAURABH MISHRA, COLLECTOR, DAMAN)**

ઉલ્લેખનીય છે કે, 19 ડિસેમ્બર 1961ના રોજ દમણ પોર્ટુગીઝ શાસનમાંથી મુક્ત થયું હતું. ત્યારથી દર વર્ષે આ દિવસને દમણ મુક્તિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

. . . . . . . . . . . . .

# TAPI PARISAMVAD

તાપીમાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તે હેતુથી પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને પ્રદર્શન કાર્યક્રમ યોજાયો. ઉચ્છલ ગામમાં યોજાયેલા આ

કાર્યક્રમમાં કૃષિ નિષ્ણાતોએ ખેડૂતોને માર્ગદર્શન આપ્યું. આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહેલા રાજ્યમંત્રી જયરામ ગામિતે વધુ માહિતી આપી.

**(BYTE: JAYRAM GAMIT, MINISTER)**

. . . . . . . . . . . . .

# MAHISAGAR ACB

મહીસાગરમાં નશામુક્ત ગુજરાત અભિયાન હેઠળ સ્થાનિક ગુનાશાખા – LCB-એ કેફી પદાર્થનું વેચાણ કરનારા પાનપાર્લરના વેપારીની ધરપકડ કરી છે. LCB-એ લુણાવાડામાં આંબેડકર ચોક પાસે તપાસ કરીને પ્રતિબંધિત માલસામાન કબજે કર્યો હતો. LCB-એ વેપારી સામે જાહેરનામાનો ભંગ કરી પ્રતિબંધિત ચીજવસ્તુઓ વેચવાના ગુના હેઠળ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

. . . . . . . . . . . . .